# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-12-2024** **Day: Monday** **Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, બંધારણ રાષ્ટ્રનું પથદર્શક છે અને એ અત્યંત સન્માનની વાત છે કે આવતા વર્ષે 26 જાન્યુઆરીએ ભારતીય બંધારણ 75 વર્ષ પૂર્ણ કરી રહ્યું છે.

ગઈકાલે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધન કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, સમયની એરણ પર બંધારણ ખરૂ ઉતર્યું છે. તેમણે જણાવ્યું કે, આ વર્ષે બંધારણ દિવસે અનેક પ્રવૃત્તિઓ શરૂ થઈ છે જે સમગ્ર વર્ષ દરમિયાન ચાલુ રહેશે.

13 જાન્યુઆરીથી પ્રયાગરાજમાં શરૂ થઈ રહેલા મહાકુંભ અંગે પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, આ વખતે દેશ દુનિયાના ભક્તો ડિજિટલ મહાકુંભના સાક્ષી બનશે. ડિજિટલ નેવિગેશનની મદદથી લોકો વિવિધ ઘાટ, મંદિરો અને સાધુના અખાડા સુધી પહોંચી શકશે. આ જ સિસ્ટમથી પાર્કિંગની જગ્યા સુધી પણ પહોંચી શકાશે.

પ્રધાનમંત્રીએ ભારતીય ફિલ્મ અને મનોરંજન ઉદ્યોગે ભારતની એકતા ટકાવવામાં ભજવેલી ભૂમિકાની પ્રશંસા કરી હતી. **પ્રધાનમંત્રીએ આરોગ્ય ક્ષેત્રે ભારતની બે મોટી સિધ્ધિનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, વિશ્વ આરોગ્ય સંસ્થાનો અહેવાલ જણાવે છે કે, ભારતમાં વર્ષ 2015 થી 2023 દરમિયાન મેલેરિયાના કેસોમાં 80 ટકાનો ઘટાડો થયો છે.**

---------------------------------------------------------------------------

## રાજ્ય-સાયબર ફ્રોડ:

એક વર્ષમાં સાયબર ગઠીયાઓએ છેતરપિંડી કરીને નાગરિકોના આંચકેલા ૧૦૮ કરોડ રૂપિયા સ્ટેટ સાયબર ક્રાઇમ સેલે રિકવર કરી પરત કર્યા છે. આ રિકવર કરેલા નાણાં ઉપરાંત એક વર્ષમાં ૨૮૫ કરોડ રૂપિયા કરતાં વધુ નાણાં ફ્રિઝ કરવામાં આવ્યા હતા. સાયબર ફ્રોડ

થયાના શરૂઆતના સમયમાં મળેલી ફરિયાદોમાં નાણાં ફ્રિઝ અને રિકવરી રેટ સૌથી વધુ રહ્યો હતો.

અરજદારોને નાણા પરત મળે તે માટે લોક અદાલતના માધ્યમથી ખાસ ઝુંબેશ યોજાઇ હતી. જેમાં રાજ્યભરની ૪૦ હજાર કરતા વધુ અરજીઓના લોક અદાલતમાં મંતવ્યો રજૂ કરાયા હતા. જેના દ્વારા વધુ ૭૫ કરોડ રૂપિયા નાગરિકોને પરત મળશે, તેમ સ્ટેટ સાયબર ક્રાઇમ સેલના એસ.પી ધર્મેન્દ્ર શર્માએ જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------

## અમદાવાદ-ડો.મનમોહનસિંહને શ્રધ્ધાંજલી:

દેશના પૂર્વ પ્રધાનમંત્રી ડોક્ટર મનમોહનસિંહને શ્રધ્ધાંજલી અર્પવા માટે આજે અમદાવાદમાં પ્રાર્થના સભા યોજાશે.. એલિસબ્રિજ સ્થિત રાજીવ ગાંધી ભવન ખાતે કોંગ્રેસ દ્વારા આ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે.આજે  સાંજ પાંચ વાગે આ પ્રાર્થના સભા યોજવામાં આવી છે.

---------------------------------------------------------------------------------

## રાજ્ય-હવમાન:

રાજ્યમાં આગામી પાંચ દિવસ વાતાવરણ સુકુ રહેવાની શક્યતા છે અને તાપમાન યથાવત રહેશે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું કે, રાજ્યમાં જે ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી ઠંડા બરફીલા પવનો આવી રહ્યા હતા, તેની દિશા આગામી દિવસોમાં બદલાઈને પૂર્વ તરફની રહેવાની સંભાવના છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર- કચ્છમાં ઠંડીનું પ્રમાણ યથાવત રહેવાની સંભાવના છે.

રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન નલિયામાં સૌથી ઓછું 5.6 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું જ્યારે રાજકોટમાં 9.3, અમદાવાદમાં 15, વડોદરામાં 17.8 અને સુરતમાં 17 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

---------------------------------------------------------------------------------

## કચ્છ-પોલીસ નવા વર્ષની ઉજવણી:

કચ્છમાં નવા વર્ષને આવકારવા જુદા-જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઇ રહે તે માટે પશ્ચિમ કચ્છના પોલીસવડા વિકાસ સુંડાએ જણાવ્યું હતું કે, જ્યાં ઉજવણી થવાની છે જેમ કે હોટેલ્સ, ફાર્મહાઉસ તથા પાર્ટીપ્લોટના સંચાલકો સાથે જે-તે પોલીસ મથકના અધિકારીઓએ બેઠકો કરી છે અને ઉજવણીને લઇ સૂચનાઓ અપાઇ છે. શ્રી સુંડાએ લોકોને અનુરોધ કરતાં નિયમોનું પાલન કરવા અને કોઇ પણ પ્રકારની ગેરકાયદે પ્રવૃત્તિ સામે આવે તો તુરંત નજીકના પોલીસ મથક અથવા 100 નંબર ઉપર સંપર્ક કરે જેથી પોલીસ ત્વરિત પગલાં લઇ શકે

---------------------------------------------------------------------------------

## સી.એ.રિઝલ્ટ:

ઈન્સ્ટિટયૂટ ઓફ ચાટર્ડ એકાઉન્ટન્ટ  ઈન્ડિયા દ્વારા ગત નવેમ્બર 2024માં લેવાયેલી સી.એ. ફાઈનલની પરીક્ષાનું પરિણામ જાહેર થયું હતું. તે પૈકી ગાંધીધામના 13 અને ભુજના નવ વિદ્યાર્થી સફળ થયા હતા સી.એ. કોર્સની ફાઈનલની પરીક્ષા કુલ 1,47,209 વિદ્યાર્થીએ આપી હતી, જેમાં બંને ગ્રુપની પરીક્ષા આપનાર કુલ 30,776 પૈકી 4,134 વિદ્યાર્થી  જ્યારે ગ્રુપ એકમાં 66,987 વિદ્યાર્થીમાંથી 11,253, તેમજ ગ્રુપ બેમાં 49,459માંથી 10,566 જેટલા વિદ્યાર્થી પાસ થયા હતા. આમ, સમગ્ર દેશમાંથી 11,500 જેટલા વિદ્યાર્થી સી.એ. બન્યા છે.

---------------------------------------------------------------------------------

## રાજ્ય-ટ્રેન ટાઈમ ટેબલ

આગામી પહેલી જાન્યુઆરી, 2025થી અમદાવાદ ડિવિઝનના વિવિધ સ્ટેશનો પરથી ચાલતી ટ્રેનોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત, કેટલીક ટ્રેનોની સ્પીડ વધારવામાં આવી રહી છે, જેના કારણે આ ટ્રેનો તેમના ચાલુ નિર્ધારિત સમય પહેલા તેમના ગંતવ્ય સ્થાન પર પહોંચી જશે.

કુલ 95 ટ્રેનોની સ્પીડ વધારવામાં આવી છે. જેથી 48 ટ્રેનોના મુસાફરીમાં લગતા સમયમાં 05 મિનિટથી લઇને 65 મિનિટ સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. જેને લીધે મુસાફરોને સંપૂર્ણ લાભ મળશે અને સમયની બચત થશે.

અમદાવાદ ડિવિઝનના અમદાવાદ, સાબરમતી, મણિનગર, મહેસાણા, પાલનપુર, ગાંધીનગર, વિરમગામ, ગાંધીધામ, હળવદ, ધ્રાંગધ્રા, સામાખ્યાલી, ભુજ સહિત અન્ય સ્ટેશનોના સમયમાં ફેરફાર થશે. જેમાં આ ટ્રેનો તેના વર્તમાન નિર્ધારિત સમય થી પહેલા કે પછી પહોંચશે.

-----------------------------------------------------------------------------------